# સંશોધન નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ - ૩૮૮ ૧૧૦

*સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્ધાશાખાધ્યક્ષ*

ફોન નંબર: ૦૨૬૯૨-૨૬૩૬૦૦(ઓ)
ઇ-મેઇલ : dr@aau.in


જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/૧૦૦૧૭-૫૯/૨૦૧૩ તા. : ૧૮.૧.૨૦૧૩

| | | |
|---|---|---|
| પ્રતિ, | પ્રતિ, | પ્રતિ, |
| સંશોધન નિયામકશ્રી, | સંશોધન નિયામકશ્રી. | સંશોધન નિયામકશ્રી. |
| નવસારી કૃષિ યુનિવર્સિટી, | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી. | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી. |
| નવસારી | જુનાગઢ | સરદારકૃષિનગર |

વિષય : આરકેવીવાય અંતર્ગત SAU's ફંડ માટે કસ્ટોડીયન એકાઉન્ટ ખોલાવા બાબત.........

સંદર્ભ : ઉપસચિવશ્રી (આરકેવીવાય), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : આરકેવી / ૧૦૨૦૧૨ / ૪૪૯૧ / ક.૭, તા. ૧૮.૧૨.૨૦૧૨

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આણંદ કૃષિ યુનિવર્સિટીને આરકેવીવાયના ફંડ માટે રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટી માટે બેંકમાં અલગ ખાતુ ખોલવા તથા કસ્ટોડીયન તરીકેની જવાબદારી સોંપેલ હોય, સદર એકાઉન્ટને ઓપરેટ કરવા તથા તેને સંલગ્ન કામગીરી માટે નીચે મુજબની માર્ગદર્શીકા સૂચવવામાં આવે છે. તો તે મુજબ કામગીરી કરવાની રહેશે.

૧. માનનીય કુલપતિશ્રીની મળેલ મંજુરી મુજબ એકસીસ બેન્કની આણંદ ખાતેની શાખામાં આરકેવીવાય યોજનાનું એકાઉન્ટ "Account officer cum Comptroller SAU RKVY Fund Account" એકાઉન્ટ નંબર 913010000548755ને કમીટીના સભ્યોએ ગ્રાહય રાખેલ છે.

૨. આ નવું એકાઉન્ટ 913010000548755ને હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી ધ્વારા ઓપરેટ કરવાનું રહેશે.

૩. રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટી ખાતે હાલમાં ઉપલબ્ધ આરકેવીવાય પ્રોજેકટનું લીકવીડ ફંડ આ નવા એકાઉન્ટમાં જમા કરવાનું થાય છે તથા જે-તે યુનિવર્સિટીમાં બીલ પાસ થયા બાદ અત્રે ડિમાન્ડ મોકલે ત્યારે બધા જ બીલોના નાણાં એકીસાથે દર અઠવાડીયે એક વખત RTGSથી દરેક યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં આવશે. તે માટે જે તે કૃષિ યુનિવર્સિટીએ તેમના એકાઉન્ટની માહિતી અત્રે મોકલી આપવાની રહેશે.

૪. જે તે યુનિવર્સિટીમાં મંજુર થયેલ પ્રોજેકટ / ગ્રાન્ટ / ફાળવણી વગેરેના હિસાબો જે તે યુનિવર્સિટી કક્ષાએ જાળવવાના રહેશે. અત્રેથી ફકત જે તે યુનિવર્સિટીની લિકવીડ ફંડની મર્યાદામાં ફાઇનલ બીલ પેમેન્ટ કરવામાં આવશે. જે તે બિલોના ટેક્ષ / સરચાર્જ / ટીડીએસ વગેરેની જવાબદારી જે તે યુનિવર્સિટીની રહેશે.

૫. આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે આ નવા એકાઉન્ટની કામગીરી માટે હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીને યુનિવર્સિટીના એક કાયમી કર્મચારી (જુનીયર /સીનીયર કલાર્ક) તથા રૂ.૫૦૦૦ થી ૭૦૦૦ પ્રતિ માસ ફિકસ પગારથી (અન્ય કોઇપણ જાતના નાણાકીય લાભ સિવાય) એક કોમ્પ્યુટર /

એકાઉન્ટ / બેન્કીંગ કામગીરીના જાણકાર કોન્ટ્રાકચ્યુયલ મેનપાવર રોકવાની મંજુરી આપવી તથા તેનો ખર્ચ આ એકાઉન્ટમાં ઉપલબ્ધ થતા લીકવીડ ફંડમાંથી 0.5 % ની મર્યાદામાં કરવાનો રહેશે. તે માટે હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીને અલગ બજેટ સદર ફાળવવાનું રહેશે. પ્રોજેકટની ટેકનીકલ કામગીરી સંશોધન નિયામકશ્રીની કચેરી ધ્વારા હાથ ધરવાની રહેશે.

૬. સદર એકાઉન્ટ શરૂ થયા પછી ઓપરેટ કરવામાં મુશ્કેલી ઉભી થાય તો તેના નિવારણની કામગીરી માનનીય કુલપતિશ્રી. આકૃયુના સંપર્કમાં રહી આ કામગીરી માટે નિયુકત કરેલ કમીટી ધ્વારા કરવાની રહેશે.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ:</u>

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી. આણંદ કૃષિ યુનિવસિટી. આણંદ / જુનાગઢ કૃષિ યુનિવસિટી. જુનાગઢ / સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવસિટી. સરદારકૃષિનગર / નવસારી કૃષિ યુનિવસિટી, નવસારી

૨. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવસિટી. આણંદ / જુનાગઢ કૃષિ યુનિવસિટી. જુનાગઢ / સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવસિટી. સરદારકૃષિનગર / નવસારી કૃષિ યુનિવસિટી, નવસારી

<u>તરફ જાણ તથા અત્રેથી અગાઉ જણાવ્યા પ્રમાણે આરકેવીવાય અંતર્ગત બચત રહેલ ગ્રાન્ટ કન્ટોડીયન એકાઉન્ટમાં આરટીજીએસગી ફંડ ટ્રાન્સફર કરવાની રહેશે.</u>